**જેતપુર સીટી પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુના રજિસ્ટર નં.૦૧૮૯/૨૦૨૬ એન.ડી.પી.એસ.એકટ કલમ ૮(સી), ૨૦–બી (૨–એ) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી અરમાન અલ્તાફભાઈ નાઈ ઉ.વ.૨૧ રહે.જેતપુર ધોરાજી રોડ વિરા શકિત સોસાયટી વિદ્યા વિહાર એપાર્ટમેન્ટ બ્લોક નં.બી–૩ તા.જેતપુર જી.રાજકોટનાઓની જામીન અરજી લગત હુકમ.**

---

(૧) આરોપીની હાલની જામીન અરજી રજૂ કરેલ છે. હાલની જામીન અરજી, એફ.આઇ.આર. તથા પોલીસે રજૂ કરેલ કાગળો વંચાણે લીધા. ફરિયાદપક્ષે વિદ્ધાન એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા. સદરહુ કામે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ આરોપીને જામીન મુક્ત કરવા સામે વાંધો લીધેલ છે.

(૨) આ કામે આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનો તથા સજાની જોગવાઇ ધ્યાને લેતાં, આરોપી વિરુદ્ધ **એન.ડી.પી.એસ.એકટ કલમ ૮(સી), ૨૦–બી (૨–એ)** મુજબનો ગુનો નોંધાયેલ છે. આરોપી તરફે મુખ્ય રજૂઆત છે કે, હાલના અરજદાર/આરોપીની આક્ષેપિત ગુનામાં કોઈ ભુમિકા નથી તથા આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઇ જોવામાં આવે તો મહત્તમ એક વર્ષ ની કઠીન કેદની જોગવાઇ છે. આરોપી વિરુદ્ધ ગુનાહિત ભુતકાળ રજૂ થયેલ નથી. આરોપી નાસી ભાગી જાય તેવા નથી અને આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે શરતોને આધીન જામીન આપવા રાજી હોય જેથી આરોપીની સામાજીક અને આર્થિક પરિસ્થિતને ધ્યાને લઇ જામીન મંજૂર કરવા નમ્ર અરજ છે.

(૩) બન્ને પક્ષે રજૂઆત ધ્યાને લીધી. આ કામે આરોપી સામે આક્ષેપિત **એન.ડી.પી.એસ.એકટ કલમ ૮(સી), ૨૦–બી (૨–એ)** મુજબના ગુનાનો આક્ષેપ છે. જેમાં સજાની જોગવાઇ ધ્યાને લેતાં એક વર્ષ સુધીની કઠીન કેદની અને દંડની જોગવાઇ પાત્ર ગુનો છે. વધુમાં સદરહુ કામે એફ.આઈ.આર. વંચાણે લેતાં, વન્સપતિજન્ય ગાંજાના ઘટકોવાળો માદક પદાર્થનો જથ્થો કુલ વજન **૧૯૭ ગ્રામ** મળી આવેલ છે. તેમજ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ પ્રબંધો જોવામાં આવે તો પેટા કલમ–૦૧ મુજબ અદાલત ઉપર કેટલી મર્યાદાઓ મુકેલ છે. જે મુજબ કોઈ બિનજામીનલાયક ગુનામાં અદાલત ૧. ગુનો મોતની કે આજીવન કેદની સજાપાત્ર હોય, ૨. આરોપી અગાઉ મોતની કે આજીવન કેદની કે સાત વર્ષ કરતાં ઓછી નહિ તેવી સજાપાત્ર ગુનો કે ત્રણ વર્ષ કરતાં વધુ પરંતુ સાત વર્ષથી ઓછી સજાપાત્ર ગુનામાં બે વખત કે વધુ પ્રસંગે દોષિત ઠરાવેલ હોય, ૩. અન્ય કોઈ વિશિષ્ટ કારણ હોય તો અદાલત જામીન મુક્ત કરી શકે નહિ. સદર ગુનાની સાતત્યતાં સંદર્ભે ટ્રાયલ ચલાવ્યા સિવાય હાલ કોઈ નિર્ણય આપી શકાય નહી. વધુમાં સદર આરોપીઓ સ્થાનીક રહેવાસી છે તેમજ સદર ગુનાઓ જામીનપાત્ર હોય તેમજ સદરહુ કામે એફ.આઈ.આર.ની હકીકત તથા ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં, નામદાર સર્વોચ્ચ અદાલતના ``Bail is Rule and jail is an exception``ના સિદ્ધાંતોને ધ્યાને લેતાં, અત્રેની કોર્ટને રહેલ વિવેકાધીન સત્તાઓને આધીન આરોપીની જામીન અરજી પર નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

આ કામના આરોપીની જામીન અરજી મંજૂર કરવામાં આવે છે. આ કામના આરોપીએ રૂ.૨૦,૦૦૦/–ના જામીન તથા તેટલી રકમની જાત મુચરકો રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન અત્રેની અદાલતમાં નિયમિત રીતે સમયસર અચુકપણે હાજર રહેવાનું રહેશે.

(૨) આ કામના આરોપીએ ફરિયાદપક્ષના કેસના સાહેદો કે ફરિયાદીને ધાક–ધમકી, લોભ–લાલચ કે પ્રલોભન આપવુ નહિ.

(૩) આ કામના આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફરિ આવા ગુનામાં સંડોવવાવુ નહિ.

(૪) આ અરજીના અરજદાર/આરોપીએ તથા જામીનદારને પોતાનુ કાયમી તથા હાલનુ રહેઠાણનુ સરનામુ તથા મોબાઇલ નંબર પુરસીસથી જાહેર કરવા તથા તે સાથે તેઓના વેલીડ આધારકાર્ડની ફોટોકોપી રજૂ કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૨, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ– જેતપુર.**

**તારીખઃ–૧૨/૦૩/૨૦૨૬.**

**(ડી.એમ.પરમાર)**

**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જેતપુર.**

**કોડ નં.જી.જે.૦૧૫૬૩.**